# આકાશવાણી ભુજ

સમાચારવાચક: આરતી ભટ્ટ

કમ્પ્યુટરરાઈઝ :દેવાભાઈ રબારી

તારીખ :૩૧-૦૫-૨૦૨૪ સમય: સાંજે :૦6.25

## લોકસભા ચુંટણી અંતિમ તબબ્કાનું મતદાન

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આવતીકાલે મતદાન થશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ સાથે આવતીકાલે ઓડિશાવિધાનસભાની ચૂંટણી પણ યોજાશે.આ તબક્કામાં 13 ઉત્તર પ્રદેશ અને પંજાબની 13-13, પશ્ચિમ બંગાળની 9,બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3, અને કેન્દ્ર શાસિતપ્રદેશ ચંદીગઢની એક બેઠક માટે મતદાન થશે.

NATIONAL NEWS

---

## મુખ્યમંત્રી શ્રી પટેલ પોલીશ મહાનિર્દેશક બેઠક ગેમઝોન

રાજકોટ ખાતે TRP ગેમઝોનમાં બનેલી આગ દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં રાજ્યના પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાય સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી.

રાજ્યના તમામ પોલીસ કમિશનર તથા તમામ જીલ્લા પોલીસ વડાશ્રીઓને ગેરકાયદેસર ચાલતા ગેમ ઝોનમાં ચેકીંગ કરવા સૂચના આપવામાં આવી છે. એટલું જ નહિ, જે ગેમ ઝોનનું ફાયર NOC ન હોય તથા લાયસન્સ મેળવેલ ન હોય તેમજ નિયમોનુસારની કાર્યવાહી કરેલ ન હોય તેના માલિકો વિરૂધ્ધમાં એફ.આઇ.આર. દાખલ કરવા આદેશ આપવામાં આવ્યા છે.ખાસ ચેન્કીંગ કરવા સહીત અસરકારક કડક પગલા લેવાની આ બેઠક માં સુચના અપાઈ હતી.

RNU - અમદાવાદ

---

## જીલ્લા કલેકટર મતગણતરી

**લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અંતર્ગત ૦૪ જૂનના રોજ કચ્છ મોરબી લોકસભા બેઠકની મત ગણતરી પ્રક્રિયા સરકારી ઈજનેરી કોલેજ ભુજ ખાતે યોજાનારી છે. જિલ્લા કલેક્ટર ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી અમિત અરોરાએ ભુજ ખાતે બેઠક યોજીને મત ગણતરીના દિવસની વિવિધ તૈયારીઓની સમીક્ષા કરીને અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.**

આરતી ભટ્ટ

---

## અદાણી મેડીકલ કોલેજ બે નવા કોર્ષ

કચ્છમાં મેડિકલનો વ્યાપ હવે વધવા લાગ્યો છે.મેડિકલની તમામ સેવાઓ આધુનિક બની રહી હોવાથી રોજગારીની તકો પણ વધવા લાગી છે.આ હકીકતને ધ્યાનમાં રાખી ભુજ અદાણી મેડિકલ કોલેજ દ્વારા ક્રમશઃ જુદા જુદા કોર્ષનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ કોર્ષ પૈકી ડિપ્લોમા ઈન રેડિયો ઈમેજીંગ ટેકનોલોજી અને ડીપ્લોમા ઈન રીનલ ડાયાલિસિસ ટેકનોલોજીના નવા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યાછે, કચ્છ યુનિવર્સિટી સલંગ્ન આ બે નવા અભ્યાસક્રમોમાં બી.એસ.સી.પછી પ્રવેશમેળવી શકાય છે. વર્ષ ૨૦૨૪ - ૨૫ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ પોર્ટલ ઉપર પ્રવેશ આપવામાં આવે છે.

માહિતી ખાતુ

---

## કંડલા દીનદયાળ પોર્ટ

દીન દયાળ પોર્ટ ઓથોરિટી ના નવા અધ્યક્ષ તરીકે સુશીલ કુમાર સિંઘ ની નિયુકિત કરવા માં આવી છે તેઓ એસ કે મહેતા નું સ્થાન સંભાળશે 1993 ની બેચ ના ભારતીય રેલવે સેવા ના મિકેનિકલ એન્જિનિયરિંગ કેડર ના અધિકારી શ્રી સિંઘ હાલે જહાજી વ્યવહાર મંત્રાલય માં સંયુક્ત સચિવ તરીકે ફરજ બજાવે છે

પટ્ટણી સાહેબ

---

## રવેચી મંદિર ના પુજારી નું નિર્ધન

પૂર્વ કચ્છ નાં પ્રસિધ્ધ યાત્રા ધામ રાપર  તાલુકા નાં રવ ગામે આવેલ રવેચી માતા નાં મંદિર ના મહંત ગંગા ગિરિ બાપુ આજે  સવારે દેવલોક પામ્યા છે તેઓ છેલ્લા 25 વર્ષ થી મંદિર નાં મહંત પદે હતા આજે સવારે તેમની પાલખી યાત્રા માં ધારા સભ્ય વીરેન્દ્ર સિંહજી જાડેજા સહિત મોટી સંખ્યા માં ભાવિકો ઉપસ્થિત હતા રવેચી મંદિર નાં પ્રાંગણ માં તેઓ ને સમાધિ આપવા માં આવી હતી

પટ્ટણી સાહેબ

---------------------------------------------------------------------------------------------

## કપાસ નું વાવેતર

રાજ્યમાં ચોમાસા બાદ કપાસનું વાવેતર શરૂ થશે, જે પૂર્વે ખેતી નિયામકની કચેરી દ્વારા કપાસમાં વિવિધ રોગ તેમજ જીવાતના સંકલિત વ્યવસ્થાપન માટે વાવણી પહેલા અને વાવણી સમયે કઈ બાબતોનું ધ્યાન રાખવું, તે અંગે કેટલાક સૂચનો કરવામાં આવ્યા છે.

જે અંતર્ગત, કપાસ પાકમાં ચૂસીયા પ્રકારની જીવાતોના સંકલિત વ્યવસ્થાપન માટે બીટી કપાસના પાન અને ઝીંડવાને નુકસાન કરતી ગુલાબી ઇયળોના સંકલિત વ્યવસ્થાપન માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા છે. જરૂરી દવાનો છંટકાવ કરવો સહિતના સૂચનો કરાયા છે.

Regional News

---------------------------------------------------------------------------------------------

## જીલ્લા માં જમીન ના નમુના લેવા

રાજ્ય સરકારના આદેશના પગલે કચ્છ જિલ્લાના તમામ તાલુકામાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી,જિલ્લા પંચાયતના વડપણ હેઠળ જમીનનું સ્વાસ્થ્ય જાણવા માટે જિલ્લાના તમામ ગામોમાં ખેતીની જમીનના નમૂના લેવાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------------------------------

बहुजनहिताय बहुजनसुखाय

आकाशवाणी